# સાબરકાંઠા-બનાસકાંઠા જિલ્લા બન્યા પતંગોત્સવમય

## આકાશ રંગબેરંગી : ઉત્તરાયણ પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી : જીલ્લા કલેક્ટર એમ. નાગરાજન અને પોલીસવડા મયુર પાટીલે ઉત્તરાયણની મઝા માણી

મોડાસા, તા. ૧૫

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઉત્તરાયણ પર્વની ઉજવણીએ કાપ્યો છે..... એ લપેટ... લપેટ..ના નારા સાથે રંગબેરંગી પતંગ આકાશે ચઢાવી કરી હતી. ઉત્તરાયણ પર્વમાં દાનનો મહિમા અનેરો હોવાથી બંને જિલ્લાના પ્રજાજનોએ ગાયને લીલો ઘાસચારો ખવડાવાની સાથે જરૂરિયાતમંદ લોકોને કપડા અને અનાજ સહિતનું દાન કરી પુણ્ય કમાવવાનો અહેસાસ અનુભવતા હતા. ઉંધીયું, જલેબી, લીલવાની કચોરીની જયાફત ઉડવાની સાથે પીપુડા, ઢોલ-નગારા અને ડીજેના તાલે દિવસભર રંગારંગ રંગોત્સવ જાણે આકાશે જામ્યો હોય તેવી ઉલ્લાસભર ઉજવણી દિવસભર પવનની મધ્યમ ગતી સાથે પતંગ ચગાવી રસિયાઓએ ગુબ્બારા અને ડીજેના તાલે ડાન્સ સાથે ગરબા રમી આનંદ માણ્યો હતો. અવનવા રંગબેરંગી પતંગથી આકાશ રંગીન બન્યું હતું વાસી ઉત્તરાયણ પર્વે અગાસી પર સાઉન્ડ સીસ્ટમ લગાવી અવનવા પતંગ ઉડાવી આનંદભેર ત્રણ દિવસ સતત ઉજવણી કરી હતી.

મકરસંક્રાંતિ પર્વની દબદબાભેર ઉજવણી કરવા બંને જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો સહીત યુવાવર્ગ પતંગરસિયા, અબાલવૃદ્ધ સૌ કોઈએ કાયપો છે... લપેટ... લપેટના ગગનભેદી અવાજથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ઉત્તરાયણ પર્વ મનાવવા પતંગરસિયાઓ વહેલી સવારથી જ અગાસી અને ખુલ્લા મેદાનો અને જ્યાં પતંગ ઉડાડવા જગ્યા મળી ત્યાં પતંગ ચગાવતા આકાશ અવનવા રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું. નાના બાળાકો, યુવાધન, વૃધ્ધો સૌ કોઈને મનગમતો તહેવાર ઉજવણીના ઉંબરે આવી પહોંચતા આખો દિવસ આકાશી યુદ્ધ ખેલવા અને એકબીજાના પેચ કાપી વહેલી સવારથી જ સાઉન્ડ સીસ્ટમના સુરીલા સંગીત વચ્ચે તલ-સાંકળી, ચીક્કી અને ઉંધીયું જલેબીની અને ફાફડાની મિજબાની સાથે અગાસીઓ પર પરિવારજનો અને મિત્રો સાથે પીપુડાં, ગોગલ્સ, અવનવા કાર્ટૂન માસ્ક ટોપી સાથે સજ્જ બની અગાસી પર ખડકાયેલા જોવા મળ્યા હતા. બપોર સુધી પવન મધ્યમ ગતિએ રહેતા પતંગ રસિયાઓ આનંદિત બન્યા હતા, બપોર પછી વાયુદેવે રીસામણા લેતા લોકોએ ગુબ્બારા અને ડીજેના તાલે ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. સાંજ થતાની સાથે બંને જિલ્લામાં આતશબાજી અને ફટાકડા ફોડી ઉત્તરાયણ પર્વને વિદાય આપી હતી. બંને જિલ્લામાં ચાઈનીઝ અને દેશી બનાવટના તુક્કલોથી આકાશ ઝગમગી ઉઠ્યું હતું.





### અરવલ્લી-સાબરકાંઠામાં તુક્કલો અને ચાઈનીઝ દોરી પ્રતિબંધનો ફિયાસ્કો

રાજ્યના વહીવટીતંત્રએ પરિપત્ર પાઠવી આદેશ આપ્યો હોવાથી પોલીસ કમિશ્નર અને જિલ્લા કલેક્ટરે તુક્કલોના વેચાણ પર પ્રતિબંધ હોવાનું જાહેરનામાનો અમલ ફક્ત કાગળિયા પૂરતો રહ્યો હોય તેમ કેટલાક વેપારીઓ દ્વારા હજ્જારો તુક્કલોનો ગેરકયદેસર વેપલો કરી અને પતંગ રસિયાઓએ તુક્કલ આકાશે ચઢાવી તુક્કલ પર લાગેલા પ્રતિબંધનો ફિયાસ્કો કર્યો હતો બંને જિલ્લામાં તુક્કલ આકાશે ઝગમગી ઉઠ્યા હતા. તદઉપરાંત મોટા પ્રમાણમાં ચાઈનીઝ દોરીથી લોકોએ બિન્દાસ્ત પતંગ ઉડાડતા પક્ષીઓ ઈજાગ્રસ્ત બન્યા હતા.

### મોડાસા શહેરમાં દોરીથી ઘાયલ પક્ષીઓને બચાવવા કરુણા અભિયાન અને જીવદયાપ્રેમી ખડેપગે

મોડાસા શહેરમાં જીવદયાપ્રેમી નિલેશ જોષી અને કરુણા અભિયાન એમ્બ્યુલન્સના સ્ટાફે આજુબાજુના વિસ્તારમાં દોરીથી ઘાયલ પક્ષીઓની સારવાર હાથ ધરી હતી. જીલ્લા કલેક્ટર અને એસ.પી. ડીજેના તાલે સ્ટાફ સાથે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી.

જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન અને એસ.પી. મયુર પાટીલ બંને અધિકારીઓ પર પ્રાંતીય હોવા છતાં ગુજરાતની સંસ્કૃતિ સાથે અને પ્રજાજનો સાથે હળીભળી વિશ્વાસ કેળવવા સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. ઉત્તરાયણ પર્વમાં અતિવ્યસ્ત સમય વચ્ચે જીલ્લા પોલીસ હેડક્વાટર મેદાનમાં એક કલાક જેટલો સમય પરિવાર અને સ્ટાફના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ડીજેના તાલે "એ કાઈપો છે" ની બૂમો સાથે ઉત્તરાયણ પર્વનો લુફ્ત ઉઠાવ્યો હતો.



### ધનસુરામાં ઉમંગભેર ઉત્તરાયણની ઉજવણી

મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ધનસુરા તાલુકામાં ઉત્તરાયણના દિવસે આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયુ હતુ. વહેલી સવારથી ધનસુરાવાસીઓ ખાસ કરીને યુવાધન પોતાના મકાનોના ધાબા ઉપર સંગીત સાથે પતંગ ચગાવવા ઉપડી ગયા હતા. બહેન, ભાઈ, મમ્મી-પપ્પા સાથે હાથમાં ફીરકી પતંગ સાથે નાસ્તામાં તલસાંકડી, સીંગના દાણાની ચીક્કી, ઝલેબી, અન્ય નાસ્તા લઈ પતંગ ચગાવવા મશગુલ બની ગયા હતા. આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયુ હતુ. સંગીતના તાલ સાથે ગરબાની રમઝટ બોલાવતા અને 'એ કાઈપ્યો'ના બુલંદ નાદથી આકાશ ગાઝી રહ્યું હતું. કેટલાક યુવાનોને પતંગ ચગાવવા કરતા લૂંટવામાં મજા આવતી હતી. હાથમાં ઝંડા, લાકડીઓ લઈ કાપેલા પતંગ લૂંટવા દોડમદોડ કરતા જોવા મળ્યા હતા.

# સાબરકાંઠામાં પતંગરસિયાઓએ ૧૬ પક્ષીઓનો ભોગ લીધો

## વન વિભાગના કંટ્રોલરૂમને ૮૪ કોલ મળ્યા : ૭૨ પક્ષીઓ ઈજાગ્રસ્ત : કર્મયોગી ચેરીટેબલ ટ્રસ્ટે ૪૦થી વધુ કબુતરોને બચાવી લીધા : જિલ્લામાં ઉત્તરાયણ પર્વની બે દિવસ રંગેચંગે ઉજવણી કરાઈ

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લામાં તા. ૧૪ અને ૧૫ જાન્યુઆરીના રોજ પતંગરસિયાઓએ રંગેચંગે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરીને અંદાજે ત્રણ કરોડથી વધુના ફાફડા, જલેબી તથા ઉંધીયુ ઝાપટી ગયા હતા. જો કે પતંગરસિયાઓના શોખને લીધે જિલ્લામાં બે દિવસ દરમિયાન દોરીથી ઘવાયેલા અંદાજે ૧૬ પક્ષીઓના મોત નિપજ્યા હતા તથા જિલ્લાના વનવિભાગ સંચાલિત કંટ્રોલરૂમને ૮૪ કોલ મળ્યા હતા જેમાં ૭૨ પક્ષીઓને સારવાર આપી બચાવી લેવાયા હતા. જ્યારે હિંમતનગરના કર્મયોગી જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટે દોરીથી ઘાયલ થયેલા ૪૪ પક્ષીઓ પૈકી ૩૪ પક્ષીઓને સમયસર સારવાર આપી આકાશમાં વિહારકરવા મોકલી દીધા હતા. જિલ્લામાં એકંદરે ઉત્તરાયણ પર્વની શાંતિપૂર્ણ રીતે ઉજવણી થઈ હતી.

આ અંગેની વિગત એવી છેકે તા. ૧૪ જાન્યુઆરીને ઉત્તરાયણના દિવસે હિંમતનગર સહિત પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના તથા વિજયનગર પંથકમાં સવારથી જ પતંગ ચગાવતી વખતે પવન સાનુકૂળ હોવાને કારણે પતંગરસિયાઓને મજા પડી ગઈ હતી. હિંમતનગરમાં લોકો વહેલી સવારથી જ મકાનના ધાબા પર જઈને પરિવાર સાથે પતંગ ચગાવ્યા હતા. જિલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડ તથા દીવ-દમણના પ્રશાસક પ્રફુલ પટેલે પરિવાર અને મિત્રો સાથે પતંગ ચગાવીને ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી. તો બીજી તરફ પતંગ ચગાવવાના શોખીનોની દોરીને કારણે અંદાજે ૮૪ પક્ષીઓ ઘાયલ થતા તે અંગે જીવદયા પ્રેમીઓએ તંત્ર દ્વારા ઉભા કરાયેલા વનવિભાગના કંટ્રોલરૂમને જાણ કરી હતી.

### જિલ્લામાં પતંગ ચગાવવાની બાબતે મારામારી થતા ફરીયાદ

સાબરકાંઠા જિલ્લામાં ઉત્તરાયણના દિવસે પતંગ ચગાવવાની બાબતે મારામારીના બનાવો બનવા પામ્યા હતા. જેમાં હિંમતનગર તાલુકામાં ૬, વડાલીમાં ૧, વિજયનગરમાં ૧, તલોદમાં ૨, પ્રાંતિજમાં અને ખેડબ્રહ્મામાં ૧ બનાવ બન્યો હતો.

### આઠ પુરૂષ અને એક મહિલાને દોરીથી ઈજા

તા. ૧૪ જાન્યુઆરી અને ઉત્તરાયણના દિવસે પતંગની દોરીથી નવ જણાને ઈજા પહોંચી હતી જેથી આ ઈજાગ્રસ્તોને સારવાર માટે સ્થાનિક સરકારી હોસ્પિટલોમાં દાખલ કરાયા હતા. જેમાં આઠ પુરૂષ અને એક મહિલાનો સમાવેશ થાય છે. પતંગ દોરીને કારણે એક મહિલાને ગળાના ભાગે, બે પુરૂષને નાક પર, બે પુરૂષને હોઠ પર, બે પુરૂષને ગળાના ભાગે જ્યારે બે પુરૂષને હાથ પર દોરીથી લસરકા થતા સારવાર લેવાની નોબત આવી હતી.

### ચાઈનીઝ દોરીના વપરાશ પર મુકાયેલા પ્રતિબંધની ઐસીતૈસી

સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા કલેક્ટર દ્વારા ચાઈનીઝ દોરીના વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ હોવા છતાં પતંગરસિયાઓ તથા વેપારીઓએ આ પ્રતિબંધનો છડેચોક ભંગ કર્યો હતો જેના લીધે હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ઉત્તરાયણની રાતે અસંખ્ય તુક્કલો જોવા મળી હતી. પોલીસે ઈડરના બડોલી, રેવાસ અને અન્ય એક સ્થળેથી રૂ. ૨૬૫૦નો ચાઈનીઝ તુક્કલનો જથ્થો કબજે કરી ત્રણ વેપારીઓ સામે જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધ્યો હતો.

# ડીસામાં અકસ્માતની વિવિધ ત્રણ ઘટના : ૧૨ વર્ષીય બાળકીનું મોત, જ્યારે અન્ય બે યુવક ઘાયલ

ડીસા તા.૧૫

ઉતરાયણનો પર્વ જયારે દેશમાં હર્ષ અને ઉત્સાહભેર ઉજવાઈ રહ્યો છે અને પતંગ રસિયાઓ પણ પર્વની ભરપુર આનંદ માણી રહ્યા હતો. તો ક્યાંક અમુક પરિવારો પર મુસીબતો આવી પડે હતી. જેમાં ડીસાના મોચીવાસમાં ૧૨ વર્ષીય બાળકી ધાબા પરથી પડી જતાં તેનું કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે ડીસાના રાજમંદિર સર્કલ પાસે એક બાઈક સવાર યુવકનાં ગળામાં દોરી આવતા અકસ્માત સર્જાયો હતો. જેથી યુવક ઘાયલ થતાં તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જેમાં ગળાના ભાગમાં ઈજાઓ થતા ૫૦ સ્ટીચ આવ્યા હતા. જ્યારે ૧૨ વર્ષીય બાળકીના મોતથી પંથકમાં શોકનો માહોલ બન્યો હતો. જ્યારે ડીસાની મોઢેશ્વરી સોસાયટીમાં એક યુવક પતંગ ચગાવતા ધાબા પરથી પટકાતા ઘાયલ થયો હતો. જેને તાત્કાલીક સારવાર અર્થે ખસેડાયો હતો.



ગુજરાત સહિત ઉત્તરાયણ પર્વની સમગ્ર દેશમાં હર્ષ ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવે છે. જ્યારે ડીસામાં મારવાડી મોચીવાસમાં રહેતી ૧૨ વર્ષીય નીતાબેન ગુલાબભાઈ મોચી ધાબા પર પતંગ ચગાવતાં તેનો પગ લપસી ગયો હતો. અને આ બાળકી ધાબા પરથી નીચે પડતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે આ ઘટનાથી સમગ્ર પથંકમાં શોકનો માહોલ છવાયો હતો.

જ્યારે અન્ય બીજા બનાવમાં ડીસાના રાજમંદિર સર્કલ પાસે મૂળનિવાસી રાજસ્થાન હાલ ડીસાના હાઈવે વિસ્તારમાં આવેલ અમૃતનગર સોસાયટીમાં રહેતા પ્રકાશભાઈ ભગાભાઈ જોશી નામનો ૨૪ વર્ષીય યુવક પોતાની દુકાનેથી ઘરે મોટર સાયકલ લઈ ઘરે જઈ રહ્યો હતો. ત્યારે રાજમંદિર સર્કલ પાસે અચાનક જ પતંગની દોરી ગળાના ભાગે આવી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ઘટનાને લઈને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને પરિવારજનોને જાણ થતા પરિવારનો લોકો આ યુવકને ડીસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. જયારે ઘટનામાં આ યુવકનાં ગળાના ભાગમાં દોરી વાગતા લોહીનાં ફુવારે ફુવારા ઉદય હતા અને પરિવારજન અને તબીબનાં જણાવ્યા મુજબ આ યુવકને ગળાનાં ભાગે જ્યાં ઈજાઓ થઇ હતી તેને ૫૦ જેટલા સ્ટીચ લેવામાં આવ્યા હતા ત્યાર બાદ લોહી બંધ થયું હતું.હાલ યુવક પાલનપુર ની માવજત હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

### ડીસાની જનરલ હોસ્પિટલમાં બ્લડ ડોનેશન અને સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

ડીસા તા.૧૫

ડીસાની જનરલ હોસ્પિટલ ખાતે ગઈકાલે બ્લડ ડોનેશન કેમ્પ અને સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના વિવિધ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો.

આ અંગે જોઈએ તો, ડીસાની જનરલ હોસ્પિટલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ અને સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે ૨૬મી જાન્યુઆરીની ઉજવણી અંતર્ગત ૧૫મી જાન્યુઆરીના રોજ આરોગ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે જનરલ હોસ્પિટલ ડીસામાં બ્લડ ડોનેશન કેમ્પ તેમજ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ડીસા શહેરના વિવિધ દર્દીઓએ સારવાર માટે ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં તાવ, શરદી, ઉધરસના ૩૬૮, બાળરોગના ૬૦, સ્ત્રી રોગના ૩૦, હાડકાના, મનોચિકિત્સક અને ઈ.એન.ટી.ના ૭૦ દર્દીઓ તેમજ ડેન્ટલ ફિઝીયોથેરાપીસ્ટના ૬૦, સ્કીનના ૬૮ તેમજ આંખના ૫૮ જેટલા દર્દીઓ આ કેમ્પનો લાભ લીધો હતો.

# ડીસામાં ઉત્તરાયણ અબોલ પક્ષીઓ માટે બની ઘાતક : ૮ મોત, ૪૭ ઘાયલ

ડીસા તા.૧૫

બનાસકાંઠામાં ઉત્તરાયણની ઉજવણીમાં જોડાયેલા લોકો જ્યારે પતંગ ચગાવાવ સાથે ચીચીયારીઓ પાડી આનંદ લુટી રહ્યા હતાં તેવા જ સમયે હવામાં વિચરતા અનેક પક્ષિઓ પણ પતંગની દોરીથી કપાતા મોતની ચિચયારીઓ સાથે હવામાંથી નીચે ફંગોળાયા હતાં. જો કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ આવા અબોલ જીવને બચાવવા પક્ષિ બચાવો અભિયાન ચલાવતાં જીવદયા પ્રેમીઓ આગળ આવ્યા હતાં. જેમાં ડીસા પંથકમાંથી વિવિધ જગ્યાએથી આવા ઘવાયેલા અને મૃત્યું પામેલા ૫૫ જેટલા પક્ષિઓ મળી આવ્યા હતાં. જો કે, ગંભીર ઘવાયેલા આ પક્ષિઓમાં ૮ જેટલા પક્ષિઓ મોતને ભેટયા હતાં. જ્યારે ૪૭ જેટલા પક્ષિઓ ગંભીર ઘાયલ હાલતમાં પશુ ચિકિત્સકોની ટીમની રહેમ નજર તળે સારવાર લઈ જીવન મરણ વચ્ચે જોકા ખાતા જોવા મળ્યાં હતાં. આમ, ડીસા પંથકમાં ઉત્તરાયણ પર્વ અબોલ પશુઓ માટે મોતનું પર્વ બન્યું હતું.



અબોલ જીવોનો પ્રાતઃ કાળે હવામાં વિચરણ કરવાનો સમય હોય છે. જ્યારે સાંજે કાળે દુર દુર સુધી ગયેલા પક્ષિઓ દાણો લઈ પોતાના માળામાં રાહ જોતાં બચ્ચાઓ માટે પરત ફરતા હોય છે. આ તેમનો નિત્યનો ક્રમ હોય છે. જો કે, સામાન્ય દિવસોમાં પક્ષિઓ માટે ખુલ્લુ ગગન મુક્ત ભ્રમણનું કેન્દ્ર હોય છે. જ્યાં તેમને કોઈ ખતરો હોતો નથી. જો કે, ઉત્તરાયણના દિવસોમાં આ પક્ષિઓની આઝાદી પતંગ રસીકો છિનવી લેતાં હોય છે. જેમાં ઉત્તરાયણ પર્વમાં પતંગ ઉડાડતાં રસીક જનો હાથે હવામાં ભ્રમણ



કરતાં અનેક પક્ષિઓ કાતીલ દોરીના સંપર્કમાં આવતાં કપાયા હતાં. અચાનક જ આ પક્ષિઓ સાથે દોરીનો સંપર્ક થતાં તેમની ગરદન, પાંખો, પગ સહિતના વિવિધ ભાગોમાં ધારદાર બ્લેડની જેમ કાતીલ દોરી ઈજા કરતાં આવા પક્ષિઓ હવામાંથી નીચે પટકાયા હતાં. ડીસા પંથકમાં પરંપરાગત રીતે આવિ સ્થિતિમાં પક્ષિઓ માટે રાહત બચાવ માટે જીવદયા પ્રેમીઓની ટીમ પક્ષિ બચાવો અભિયાન ચલાવી રહી છે. જેમાં ગઈ કાલે ૫૫ જેટલા વિવિધ પક્ષિઓ આ ટીમના સેવા કેન્દ્રો પર જીવદયા ભાવે લવાયા હતાં. જ્યાં તેમની સારવાર વેટર્નરી તબીબોએ હાથ ધરી હતી. જો કે, મોટા ભાગના પક્ષિઓ ગંભીર ઘાયલ હતાં અને હવામાંથી નીચે પટકાતાં તેઓ બેભાન અવસ્થામાં હતાં. આ નાજુક સ્થિતિમાં આઠ જેટલા પક્ષિઓ મોતને ભેટયા હતાં. જ્યારે ૪૭ જેટલા પક્ષિઓની હાલત હાલ સારવાર બાદ પણ ગંભીર છે. આ તમામને બચાવી લેવા પશુ ચિકિત્સકોની ટીમે સઘન સારવાર હાથ ધરી છે. જો કે, પક્ષિઓની હાલત જોતાં મૃત્યું આંક વધી શકે છે. જ્યારે ઉત્તરાયણ પર્વ ડીસા પંથકમાં અબોલ પશુઓ માટે મોતનું પર્વ બન્યું હતું. જેનાથી પર્યાવરણ પ્રેમી અને જીવદયા પ્રેમીઓમાં શોકની લાગણી છવાઈ છે.

# બાયડના દહેગામડાના ૨૪ વર્ષીય યુવકની માથાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યાથી ચકચાર

અરવલ્લી જીલ્લામાં એકજ સપ્તાહમાં હત્યા નો ત્રીજો બનાવ બનતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પડી ભાંગી છે બાયડના દેહગામડા ગામના ૨૫ વર્ષીય વિક્રમ ગલાભાઈ ખાંટ નામના યુવકનો મૃતદેહ ગામની સીમમાંથી પસાર થતી વાત્રક નદીના કિનારે થી હત્યા કરેલી હાલતમાં મળી આવતા ભારે ચકચાર મચી હતી યુવકની હત્યાના પગલે બાયડ પોલીસ ઘટનસ્થળે દોડી આવી યુવકના મૃતદેહને પી.એમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. બાયડના દહેગામડા ગામનો વિક્રમ ગલાભાઈ



ખાંટ ઉત્તરાયણની રાત્રીના ૮ વાગ્યા ના સુમારે ઘરે થી નીકળ્યા બાદ મંગળવારે સવારે માથાના પાછળના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીકી મોત ને ઘાટ ઉતારેલી હાલતમાં લાશ મળી આવતા ભારે ચકચાર મચી હતી ઘટનાસ્થળે પરિવારજનો અને લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા યુવકની હત્યા અંગે તરેહ તરેહની ચર્ચાએ જોર પકડ્યું હતું યુવકની હત્યાની જાણ બાયડ પોલીસને થતા તાબડતોડ ઘટનસ્થળે દોડી આવી યુવકની લાશને પી.એમ માટે ખસેડી તેના કાકા રાજુભાઈ ગેમાભાઈ ખાંટ ની ફરિયાદના આધારે અજાણ્યા શખ્શ સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોડાસાની રાહેલાબાનુની જિંદગીની ડોર ચાઈનીઝ દોરીએ કાપી નાખી

ઉત્તરાયણ પર્વની ઉજવણી અરવલ્લી જીલ્લામાં ઘાતક બની હતી. પતંગની દોરી વાગતા મોડાસાના વ્હોરવાડમાં રહેતી અને ગાંધીનગર ઈન્ફોસીટીમાં એમબીએનો અભ્યાસ કરતી યુવતીનું એસ.જી હાઈવે પર એકિટવા પર અમદાવાદ નજીક પતંગની દોરી ગળામાં વાગતા પ્રાણઘાતક સાબિત થતા મોડાસામાં શોકની લાગણી છવાઈ હતી. મોડાસાના કલ્યાણ ચોક પાસેથી મોપેડ લઈ પસાર થતા નિવૃત્ત પી.એસ.આઈ. મહેન્દ્રસિંહ બાબુસિંહ સોલંકીનું ગળું કપાતા તાબડતોડ ખાનગી હોસ્પિટલમાં ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ મારફતે ખસેડાયા હતા. માલપુરનો પૃથ્વીસિંહ ગોહિલ નામનો બાળક પતંગ ઉડાડતા બીજા માળેથી ધાબા પરથી પટકાતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો.



મોડાસાના વ્હોરવાડમાં રહેતી રાહેલાબાનુ ઉસ્માનગની દૂધમલ ગાંધીનગર સ્થિત ઈન્ફોસીટીમાં એમ.બી.એ.નો અભ્યાસ યુવતી એક્ટિવા પર અમદાવાદ તેના ઘરે પરત ફરતી વખતે એસ.જી.હાઈવે પર પસાર થતા સમયે અચાનક પતંગની દોરી તેના ગળામાં વાગતા ગળું કપાતા લોહીલુહાણ હાલતમાં નીચે પટકાતા વાહનચાલકોએ તાબડતોડ સારવાર અર્થે ખસેડી હતી. તબીબોની સઘન સારવાર કારગત નીવડે તે પહેલા મોત નિપજતા સમગ્ર ઘટનાની જાણ મોડાસામાં વાયુ વેગે પ્રસરતા પરિવારજનો સહીત મોડાસા શહેરમાં શોકની લાગણી ફેલાઈ હતી. ઉત્તરાયણ પર્વના સાંજના સુમારે મોડાસાની પરમહંસ સોસાયટીમાં રહેતા નિવૃત્ત પી.એસ.આઈ. મહેન્દ્રસિંહ બાબુસિંહ સોલંકી કલ્યાણ ચોક પાસેથી પસાર થતા હતા.